ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૫-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

ગંગામૈયાની સાક્ષીએ નવનિર્માણ

ભારતના નવા સુકાની તરીકે કાર્યભાર સંભાળવા સુસજ્જ બની રહેલ ગુજરાતના મુખ્યમંત્રીએ એમના બેઉ મતવિસ્તારોમાં ભવ્ય વિજય હાંસલ કર્યા પછી મતદારોનો આભાર માનવા માટે વડોદરા અને વારાણસી- બેઉ શહેરોની મુલાકાત લીધી અને જનતા જનાર્દને એમના નેતૃત્વમાં મૂકેલ વિશ્વાસ બદલ આભાર દર્શન કર્યું. મોદી ગુજરાત છોડીને દિલ્હી જશે એથી ગુજરાતના મટી જવાના નથી. વ્યૂહાત્મક અને વ્યવહારુ અભિગમ અપનાવી તેઓ વડોદરાની બેઠક છોડી દેશે અને વારાણસીના સાંસદ ગણાશે. વડોદરાનું ઋણ ચૂકવવા તેઓ કોઈ સક્ષમ સાગરીતને પેટાચૂંટણી લડાવીને પોતાની કૅબિનેટમાં સામેલ કરી શકે છે. કૈલાસવાસી મહારાજા રણજિતસિંહ ગાયકવાડે ભાવુક બનીને સર સયાજીરાવ ગાયકવાડની સાર્ધ શતાબ્દીમાં ભાગ લેવા આવેલા મુખ્યમંત્રીશ્રી વિશે ઉચ્ચારેલા શબ્દો યાદ આવે છે. એમણે કહ્યું હતું કે મને શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં મીરા પ્રતાપી પ્રપિતામહનો આત્મા ઊતરી આવ્યો હોય એવો આભાસ થાય છે. સુશાસનના રોલ મોડલ બની ગયેલા લોકપ્રિય રાજવી સયાજીરાવ ગાયકવાડની નગરીમાંથી વિક્રમ બહુમતીથી ચૂંટાયેલા નરેન્દ્રભાઈએ વડોદરાને વિશ્વની આદર્શ નગરી બનાવવાનું - વડોદરાવાસીઓના પ્રેમનો સવાયો બદલો વાળી આપવાનું વચન આપ્યું છે તો વારાણસીને વિશ્વની આધ્યાત્મિક રાજધાની તરીકે વિકસાવવાનું અને ગંગામૈયાને ગાંધીજીની સાર્ધશતાબ્દી સુધીમાં- ૨૦૧૯ સુધીમાં સંપૂર્ણ રીતે શુદ્ધ કરી આપવાનું વચન આપી આવ્યા છે. અત્યાર સુધીના કોઈપણ વડાપ્રધાને પદ પર બેઠા પહેલાં કાશી વિશ્વનાથની મહાપૂજા અને ગંગા આરતી જેવાં ધાર્મિક અનુષ્ઠાનો કર્યા હોવાનું જાણમાં નથી. પોતે હિંદુ હોવા છતાં આપણા તમામ વડાપ્રધાનો હિંદુત્વનું પ્રદર્શન કે ધર્મ પ્રત્યેનો ખુલ્લો આદરભાવ દરશ્વાવામાં જાણે હીણપત સમજતા હોય એમ આવા ઉપક્રમો 'ખાનગી'માં પતાવી દેતા રહ્યા છે. ઈન્દિરા ગાંધી આવાં અનેક અનુષ્ઠાનો કરાવતાં ખરાં પરંતુ એ કાર્યક્રમો ગોપનીય જ રહેતા. નરેન્દ્ર મોદી એટલા નિખાલસ છે કે પોતે આવડી મોટી અણધારી સફળતા માટે તેઓ ગંગા મૈયા અને બાબા વિશ્વનાથના આશીર્વાદ- ઈશ્વરીય કૃપાને જવાબદાર ગણે છે અને એનો સાર્વજનિક સ્વીકાર કરે છે. ખરું પૂછો તો મોદીના નામ પર શરૂ થયેલું મોજું અંતે સુનામીમાં ફેરવાઈ ગયું એમાં દૈવી કૃપા જ હોવી જોઈએ. કોઈએ સ્વપ્રે પણ નહીં ધાર્યું હોય કે ભાજપ એકલપંડે ૨૮૨ બેઠકો લાવી શકશે અને કોંગ્રેસ જેવો રાષ્ટ્રીય પક્ષ ૪૪ બેઠકો પર સંકોચાઈ જશે. મોદી આ વિજયનો જશ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના તપસ્વીઓને અને ભાજપના સંનિષ્ઠ કાર્યકરોને આપે છે, પરંતુ હકીકતમાં એંશી ટકા જશ તો ખુદ મોદીના જ ખાતામાં જમા થવો જોઈએ, એવું એમના કટ્ટર ટીકાકારો પણ કબૂલશે. મોદી સામે મોરચો માંડનારા હાલ પૂરતાં હાંસિયે ધકેલાઈ ગયા છે અને નજીકના ભવિષ્યમાં એમને કળ વળે એમ લાગતી નથી. મોદી પાસે પ્રજાને પ્રચંડ અપેક્ષાઓ છે. એમણે વચનો આપવામાં પાછું વાળીને જોયું જ નથી. સ્વાભાવિક રીતે જ લોકો અને સવિશેષ યુવાન મતદારો અને ગૃહિણીઓ એમના લાડીલા નેતા વહેલામાં વહેલી તકે વિવિધ વચનો પાળી બતાવે એવું ઈચ્છશે. વારાણસીએ તો એમના મૌન પર મહોર મારી બતાવી છે. કેજરીવાલે મહિનાથી ધામા નાખ્યા હતા અને કોંગ્રેસે અજયરામ જેવા સ્થાનિક ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા હતા. રાહુલ, અખિલેશ યાદવ વગેરેના રોડ શૉ પણ યોજાયા હતા. મોદીએ તો કેવળ ફોર્મ (ઉમેવારી પત્ર) ભરતી વેળાએ જ રોડ શૉ યોજયો હતો તે માફ! માગ્યા વગર આપે તે મા કહેવાય, એ ન્યાયે વારાણસીએ એમંને સામે ચાલીને ગંગાપુત્ર તરીકે સ્વીકારી ખોળે લીધા હોય તો હવે વારાણસીના જીર્ણોધ્ધારની જવાબદારી મોદી કેવી બજાવી જાણે છે, એ પરથી એમની સરકારનું મૂલ્યાંકન થશે. બેસ્ટા ઑફ લક ગંગાપુત્ર!

આજે જુનિયર સીટીજન કાઉન્સીલનો ૧૫મા વર્ષમાં મંગલ પ્રવેશ

આ પ્રસંગે આજે ટાઉનહોલમાં લોકડાયરાનું આયોજન : જુસીકાએ સેવાકાર્યોમાં સહકાર આપનાર તમામ સંસ્થા, સંગઠનો, સમાજ અને નગરજનોનો આભાર માન્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની વિખ્યાત સેવાભાવી સંસ્થા જુનિયર સીટીઝન કાઉન્સીલ ૧૪ વર્ષ પુરા કરી ૧૫મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. આ પ્રસંગે જુસીકા દ્વારા નગરજનો અને સહયોગી સંસ્થાઓનો આભાર માનવાની સાથે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના સહકારથી તા. ૧૯મી મે એ ટાઉનહોલ ખાતે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

જુનિયિર સીટીઝન કાઉન્સીલની સ્થાપના વર્ષ ૨૦૦૦ની સાલમાં પાંચ સાત મિત્રો દ્વારા સિવિલ હોસ્પિટલમાં બાંકડા પર બેસીને ખારોડ સાહેબની પ્રેરણા તથા વી.પી. વ્યાસ અને જયેન્દ્ર પરીખના માર્ગદર્શન તેમજ સહયોગથી સ્થાપના કરાઈ હતી. આ સંસ્થા દ્વારા ચૌદ વર્ષમાં એમ્બ્યુલન્સ સેવા, શબવાહિની સેવા, ચક્ષુદાન, દેહદાન, અંતિમવિધિ સામગ્રી વિતરણ, આરોગ્ય સુરક્ષા સાધનો વિનામુલ્યે, રક્તદાન શિબિર આયોજન, ગરીબ દર્દીઓને શસ્ત્રક્રિયામાં સહાય, કુદરતી આફતોમાં રાહત કાર્યો જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ૩૬૫ દિવસ ૨૪ કલાક કરવામાં આવી રહી છે. આ સંસ્થાની અપ્રિતમ સેવાભાવના જોઈને સરકારે સે. ૩૦ ખાતેનુ મુક્તિધામ અને સરગાસણ ખાતેનુ નવનિર્મિત રૂદ્રભૂમિ અંતિમધામનું સંચાલન જુસિકાને સોંપ્યું છે. આ બંને અંતિમધામોનો ઉપયોગ ગાંધીનગર તથા તેની આસપાસના ગામડાઓના રહીશો કરી રહ્યા છે.

તા. ૧૯મી મે-૨૦૦૦માં સ્થપાયેલ જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ૧૫મા વર્ષમાં મંગલપ્રવેશની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરની સંસ્થા સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના સહકારથી લોકસાહિત્યના કલાકાર રાજભા ગઢવીનો લોકડાયરાનું આયોજન કર્યુ છે. આ લોકડાયરો તા. ૧૯મી મે સોમવારે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે રાત્રે ૯ વાગે યોજાશે.

જુનિયર સીટીઝન કાઉન્સીલ દ્વારા તેમની સેવાયાત્રા દરમ્યાન સહયોગ આપનાર તમામ સેવાભાવી સંસ્થાઓ, સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન અને તમામ તજજ્ઞો, વહીવટી સ્ટાફ, પત્રકાર મિત્રો, પોલીસ સ્ટેશન સ્ટાફ, નગરના ખાનગી તબીબો, સરકારી-અર્ધસરકારી કચેરીઓ તેમજ અન્ય નામી અનામી વ્યક્તિઓ, તમામ સમાજ, સંસ્થાઓ અને સંગઠનોનો આભાર માન્યો છે.

હરિની દૃષ્ટિ...

થઈ ગયો ને નવરો..!! હું તો કહેતો જ હતો, કે પ્રચાર કરવો હોય તો આ પાર્ટીનો જ કરાય...!!

ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ પરિવાર પુસ્તિકા પ્રકાશિત કરશે

ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા શહેરમાં વસતા જ્ઞાતિબંધુઓની ડિરેક્ટરી પ્રકાશિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે સમાજ દ્વારા પરિવારની માહિતી માટેનું ફોર્મ ભરવા જણાવવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સરકારમાં નવનિયુક્ત થયેલા સમાજના સભ્યોનું અને નિવૃત્ત થયેલ કર્મચારીઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. આ સંમેલનમાં પરિવારનું માહિતી ફોર્મ જે પરિવારોએ ભરવાનું બાકી છે તેમણે મહામંત્રી વી.એન. અજવાણી પ્લોટ નં. ૪૬૮/૨ સે. ૩-સી ખાતે તા. ૧૦ જૂન સુધીમાં મોકલી આપવા જણાવ્યું છે.

ગરીબ બાળકોને મફત પ્રવેશ માટેની મુદ્દતમાં વધારો થયો

હવે પહેલી જૂન સુધી પ્રવેશ કાર્યવાહી કરી શકાશે : રાજ્યની તમામ ખાનગી શાળાઓમાં ૫ ગરીબ બાળકોને પ્રવેશ આપવાનો નિર્ણય શિક્ષણ વિભાગ દ્વારા કરાયો છે

અમદાવાદ,તા. ૧૮

રાજ્યની દરેક ખાનગી શાળામાં પાંચ ગરીબ બાળકોને પ્રવેશ આપવાનો નિર્ણય ચાલુ શૈક્ષણિક સત્રથી લેવામાં આવ્યો છે જેનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે. આ પ્રક્રિયા માટે ૧૭મી મે છેલ્લી તારીખ નક્કી કરવામાં આવી હતી પરંતુ મુદત લંબાવાતા હવે પહેલી જૂન સુધી બાળકોને પ્રવેશ આપી શકાશે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત રાજ્યની તમામ ખાનગી શાળાઓમાં પાંચ ગરીબ બાળકોને પ્રવેશ ફાળવવાનો નિર્ણય રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. આ માટે પહેલા ૧૭મી મે સુધી છેલ્લી તારીખ નક્કી કરવામાં આવી હતી પરંતુ મોટાભાગના શિક્ષકો અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના કર્મચારીઓ ચૂંટણીની કામગીરીમાં રોકાયેલા હોવાથી નિર્ધારિત સમયમાં આ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી શકાઈ નથી જેના કારણે હવે રાજ્ય સરાકરના શિક્ષણ વિભાગે પ્રવેશની મુદત લંબાવીને પહેલી જૂન કરી છે જેથી પહેલી જૂન સુધી આ પ્રવેશ પ્રક્રિયા ચાલશે જે વાલીઓના બાળકો રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ મુજબ પ્રવેશ મેળવવા યોગ્ય હોય તેમણે બાળકોના પ્રવેશ માટે નજીકની શાળાનો સંપરાક કરીને ફોર્મ ભરી શકશે. આરટીઆઈ અંતર્ગત જે શાળાઓમાં પ્રવેશ નહીં આપે તેમની સામે કડક પગલા લેવાની જિલ્લા શિક્ષણ અધિકારીએ તૈયારી કરી લીધી છે.

આરટીઆઈ મુજબ દરેક ખનગી શાળામાં પાંચ ગરીબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો ફરજિયાત બનાવવામાં આવ્યો છએ જે મુજબ બાળકોની ફીનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા પરિપત્ર પાઠવીને વિદ્યાર્ધીદીઠ ૧૦૦૦૦ રૂપિયા ફીર ભરવા માટે ચૂકવવામાં આવશે જ્યારે અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોની ખાનગી શાળાઓમાં ફી ૧૫૦૦૦ રૂપિયાથી ઉપર છે જેના કારણએ ૧૦૦૦૦ ઉપરની ફી કોણ ભરશે તે અંગે વિવાદ યથાવત છે.

શામળાજી પંથકમાં ગરીબોને ૧૫૫ પેકેટ ગજાનન સમિતિએ ચોખાનુ વિતરણ કર્યુ

ગાંધીનગર, તા. ૧૮

ગરીબી દૂર કરવા અને ગરીબોને બે ટાઈમનું ભોજન મળે તે માટે ગજાનન સેવા સમિતિએ અભિયાન હાથ ધર્યુ છે. સમિતિ દ્વારા શામળાજી પંથકમાં ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શહેરની ગજાનન સેવા સમિતિ દ્વારા અવારનવાર શામળાજી પંથકમાં સેવાકીય કાર્ય કરવામાં આવે છે. વારતહેવાર હોય કે કપરો સમય હોય ત્યારે ગરીબોની વ્હારે આવતી હોય છે ત્યારે શામળાજીના સુનોક ગામે ૮૦ તેમજ ખારી ગામે ૭૫ લાભાર્થીઓને ત્રણ કિલોના પેકેટ બનાવી ૧૫૫ પેકેટ ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં મિલિન્દ ગુમે, શ્રૃતિ ગુમે, જગદીશભાઈ અને પુષ્પાબેન હાજર રહ્યા હતા.

ધોરણ ૧-પના નવા પુસ્તકના ભાવ ૧૦૦ ટકા જેટલા વધ્યા

સ્કૂલોમાં અભ્યાસક્રમનો અમલ શરૂ થાય તે પહેલા ભાવ વધારો બમણાથી વધુ કરાતા વાલીઓમાં ભારે નારાજગી

અમદાવાદ,તા. ૧૮

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા નવા શરૂ થનારા શૈક્ષણિક સત્રથી ધોરણ ૧થી ૫માં નવા અભ્યાસક્રમનો અમલ શરૂ થવા જઈ રહ્યો છે. ત્યારે ધોરણ ૧થી ૫ના નવા પાઠ્ય પુસ્તકોના ભાવો મંડળ દ્વારા બમણાથી વધુ કરી દેવાતા વાલીઓમાં કચવાટ દેખાઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, નવા શરૂ થનારા શૈક્ષણિક સત્રની સાથે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧થી ૫ના પાઠ્ય પુસ્તકોનો અભ્યાસક્રમ બદલીને નવો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવી રહ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ નવા શરૂ થનારા શૈક્ષણિક સત્રથી સાથે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧થી ૫ના પાઠ્ય પુસ્તકોનો અભ્યાસક્રમ બદલીને નવો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવી રહ્યો છે. આ માટે ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા આગોતરી તૈયારી પણ કરી દેવામાં આવી છે અને પુસ્તક વિક્રેતાઓને પુસ્તકોનો પ્રથમ ચરણનો જથ્થો પણ ડિલિવરી કરવાનું શરૂ કરી દેવાયું છે. ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા નવા અભ્યાસક્રમ વાળા ધોરણ ૧થી ૫ના પાઠ્ય પુસ્તકોના ભાવમાં તોતિંગ ૧૦૦ ટકાથી વધુનો ભાવ વધારો ઝીંકવામાં આવ્યો છે જેના પગલે વાલીઓમાં નારાજગી જોવા મળી રહી છે. આ અંગે શહેરના એક જાગૃત વાલી નિરાલી બેન પટેલે જણાવ્યું હતું કે, એક તરફ સરકાર રાઈટ ટુ એજ્યુકેશનની વાત કરે છે જ્યારે બીજી તરફ ભાવ બમણો કરીને વાલીઓ પર બોજો વધારી રહી છે. ભાવોમાં સમયાંતરે થોડો થોડો વધારો કરવો જોઈએ તેની જગ્યાએ ૧૦૦ ટકાનો વધારો ઝીંકી દેવામાં આળ્યો છે. તે અયોગ્ય છે. જ્યારે જયેશ પટેલે જણાવ્યું હતું કે, મધ્યમ વર્ગના વાલીઓ બાળકોને સારુ શિક્ષણ મળે તે માટે ખાનગી શાળાઓમાં અભ્યાસ કરાવતા હોય છે. અમે પેટે પાટા બાંધી બાળકોને ખાનગી શાળામાં ભણાવીએ છીએ ત્યારે પાઠ્ય પુસ્તકોના ભાવ સીધા બમણા થતાં આ કારમી મોંઘવારીમાં પડતા પર પાટુ જેવી સ્થિતિ થઈ છે.

નોટબુકના ભાવમાં ૩૦ ટકાનો નોંધપાત્ર વધારો

નવું શૈક્ષણિક સત્ર શરૂ થવાને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વાલીઓ દ્વારા છેલ્લી ઘડીએ દોડાદોડી ન કરવી પડે તે માટે નોટબુકોની ખરીદી પણ શરૂ કરી દીધી છે પરંતુ આ વર્ષે નોટબુકોના ભાવ પણ આસમાને પહોંચતા વાલીઓપર વધુએક બોજ આવી પડ્યો છે. આ વર્ષે નોટબુકના ભાવમાં સરેરાશ ૩૦ ટકા જેટલો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. જુદી જુદી નોટબુક બનાવતી કંપનીઓ દ્વારા આ ભાવ વધારો ઝીંકવામાં આવ્યો છે. પાઠ્ય પુસ્તકોના ભાવ વધારાની સાથે નોટબુકના ભાવમાં પણ વધારો થતાં વાલીઓએ બેવડો માર સહન કરવાનો વખત આવ્યો છે.

'કલરવ'ના કિશોરોનો કિલ્લોલ... 'નાન નાન અમે તો નાનાં જ સારાં...'

વેકેશનનો લાંબો ઘંટ વાગે એટલે છોકરાઓ ખુશખુશાલ... ઉનાળો. વેકેશન અને વિવિધ પ્રવૃત્તિઓની ચહલ-પહલમાં શાળાના વિદ્યાર્થીઓ પોતાની આખા વર્ષની બેટરી ચાર્જ કરતાં હોય છે. ભણવાનાં ભારમાંથી નવરાં પડેલાં બાળકો સાચવવાં એટલે મા-બાપને શું પ્રવૃત્તિ કરાવવી એ સંકટ જ હોય છે. બાળકોને તો શું ટી.વી- કોમ્પ્યુટર અને હવે તો મોબાઈલ ગેમ હાથવગી થઈ છે, પછી આ વળગાડથી દૂર કરી કંઈક કળા, નૃત્ય, ચિત્ર શીખે અને બાળકનો સર્વાંગી વિકાસ થાય એવી દરેકની ઈચ્છા હોય છે.

'કલરવ' ગાંધીનગરમાં બાળ પ્રવૃત્તિ કરાવતી એવી જ એક બાળકોને અતિપ્રિય સંસ્થા છે. જેમ ગરબા તો કલ્ચરલ ફોરમમાં એમ સમર કેમ્પ તો 'કલરવ'નો જ . એવી ક્વોલિટી સાથે આ શિબિરનું આ વર્ષેય સતત આઠમી વખત આયોજન થયું. ૨૫૦થી વધુ બાળકો અને વિવિધ વિષય નિષ્ણાંતો ૭થી ૧૪ વર્ષની વયના બાળકોને એમની રૂચી પ્રમાણે કેળવે અને શિબિરની પૂર્ણાહૂતીમાં આનો સંપૂર્ણ કાર્યક્રમ યોજાય. આ વર્ષે વિવિધ ૧૫ આયટમ સાથે બાલોત્સવનો વાર્ષિક કાર્યક્રમ યોજાયો અને બાળકોએ એમનો હુન્નર પાથર્યો.

હિન્દુસ્તાની સંસ્કૃતિનાં પરંપરા અનુસાર દિપ પ્રાગટ્ય કરવાં કલ્પતરૂ કંપનીના એમ.ડી.ના શ્રીમતી નીવીદિતા સીંઘ, ચિલ્ડ્રન યુનિવર્સીટીના ઉપકુલપતિ હર્ષદ શાહ, આઈ.એ.એસ. ભાગ્યેશ જહા અને ડી.એન. પાંડેની સાથે કલરવ ના પ્રમુખ અને કલ્પતરૂ પાવર ટ્રન્સમિશન લી. ડીરેક્ટર કમલ જૈનના હસ્તે કરાયું. પ્રમુખે એમની વર્ષ ભરની પ્રવૃત્તિ અને સતત આઠમા વર્ષનાં બાલોત્સવમાં ઉત્સાહભેર જોડાયેલાં ભૂલકાંઓ અને કલરવના શિબિરનો ઈન્તજારની વાત સાથે કીધું કે એમનો આ ઉત્સાહ અને ટૂંક સમયમાં શીખી એને સ્ટેજ પર નિર્ભય રીતે રજૂ કરવાની આવડત એજ અમારો પુરુસ્કાર છે..

કલરવ શિબિરનાં સંચાલિકા આશા સરવૈયાએ શિબિરમાં બાળકોને તૈયાર કરાવવાં પોતાનો પરસેવો પાડનાર તજજ્ઞોનો પરિચય કરાવ્યો. નાટક અને પત્રકારત્વક્ષેત્રે વરિષ્ઠ ગણાંતા નીતિન પટેલ, છેલ્લાં ૨૦ વર્ષથી પૂજન ડાન્સ ક્લાસ ચલાવતાં એનર્જેટીક પ્રજ્ઞા ગજ્જર, વેસ્ટર્ન ડાન્સમાં નામના મેળવેલ ડાયમંડ ગ્રૂપના જીગર ત્રિવેદી અને રીચા, સંસ્કાર ગ્રૂપ દ્વારા બાળ પ્રવૃત્તિ ચલાવતાં તુષાર દવે, ભારતનાટયમના મિતિ ભટ્ટ, સુફૂ લોકનૃત્યમાં પિન્ટુ રાઠોડ, કથ્થક નૃત્યમાં વિધી વાણિયા, હુડા રાસ અને વિવિધ નૃત્યમાં નિતિન દવે અને ફાઈન આર્ટર્સ કરેલા મેઘા પારેખ દ્વારા ચિત્રકામ... દરેક નિષ્ણાતો એમનાં ક્ષેત્રમાં પ્રસિદ્ધ અને એમનાં હાથે તૈયાર થયેલાં બાળકો એટલે હોનહાર જ...

મીઠાં અવાજનાં માલિક, ઉત્સાહથી છલોછલ અને બાળકોમાં પ્રિય એવાં વર્ષા પારેખનું સંચાલન અને મુખ્ય મહેમાનો તરીકે બાળ વિશ્વ વિદ્યાલયના હર્ષદ શાહની એક જ ટકોર કે, 'બાળકોને નવલકથા કે ડિટેક્ટિવ સ્ટોરીની જેમ ના વંચાય' થી કાર્યક્રમની શરૂઆત થાય અને મીણબત્તી પેટાવીને ઉભેલી બાળાઓનાં ઈન્તેજારનો અંત આવે...

ઉઘડતે પડદે
—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

'સ્વાગત કરતે હૈ દિલસે, સબકા સ્વાગત હમ કરતે હૈ...' હાથમાં મીણબત્તી સાથે શાસ્ત્રીય કથ્થક નૃત્ય અને એની સાથે જ શંકર મહાદેવનનું પ્રસિદ્ધ બ્રેઘલેસ ગીત 'અબ તો મેરી દિન ઔર અબ તો મેરી રાતે હૈ..' સાથે નૃત્ય થાય અને એમની કલાનો હુન્નર બતાવી દે.. ૭ વર્ષ સુધીના ભૂલકાઓએ 'વેલકમ' ગીત પર પ્રજ્ઞા ગજ્જર દ્વારા તૈયાર કરાવેલો ફ્રિડાન્સ મજા કરાવે એવો હતો.

ગણપતિ દાદાની શોભાયાત્રા સાથે 'કલર ઓફ લાઈફ'માં પ્રેક્ષકોએ ફૂલોની પાંદડીઓથી દાદાને વધાવ્યા અને 'મોરિયા મોરિયા ગણપતિ બાપા મોરિયા..' અને છેલ્લે 'સુખ કર્તા દુ:ખ હર્તા...'ની મરાઠી આરતી સાથે ગણતી વિસર્જનની આ રજૂઆત ભાદરવા ચોથની યાદ અપાવી ગઈ. લાલ-પીળાં ચણિયાચોળી 'ઘેરદાર નાચું, જોરદાર નાચું...' સાથેનો ઘુમર નાચ રાજસ્થાની નૃત્ય હેઠળ થયો.

'કલરવ'નો આ બાલોત્સવ જોવાં કલ્ચરલ ફોરમનાં અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, કલ્પતરૂના ડાયરેક્ટર ડી.બી. પટેલ, રોટરી પ્રમુખ રાહુલ મહેતા, ડો. ઉપાધ્યાય, આઈ.એ.એસ. વી.એસ. ગઢવી, કલ્પતરૂના બસંત પરશારામકા અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનાં આંગણે તૈયાર થયેલાં આ બાળકોને ફાઘર હેક્ટરની હાજરી પણ પ્રોત્સાહિત હતી.

સાંપ્રત સમયના બાળકોના પ્રશ્નોને વાચા આપતું નાટક, જાણીતા નાટયકાર નીતિન પટેલ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. પાણીનો બગાડ , કચરાની અવ્યવસ્થા, મોટાં એટલાં ખોટાં, રૂપિયાના ઈન્વેસ્ટમેન્ટનું વિચારતી બાળકોનું નથી વિચારતાં, મોટાંનું અનુકરણ જ નાનાં કરશે જેવી બાબતો સાથે 'નાના અમે તો નાના સારાં' સ્કીટ ભજવાઈ. સમયની ખેંચાખેચમાં બાળકો સાથે મા-બાપ સમય ફાળવતાં નથી, સાથે રમતાં-જમતાં નથી જેવી માર્મિક ટકોર કરાવી.. શિક્ષક- પોલિસ - શેરબજાર- સાધુ - નેતા- સરકારી અધિકારી જેવાં ભ્રષ્ટોનો ચિતાર આપી, બાળકોની ઉપેક્ષા કરી અનેક અપેક્ષા કરતાં મા-બાપ માટે લાલ બત્તી ધરી.. આ નાટક એનાં ડાયલોગ્સ અને સુંદર અભિનય સાથેની રજૂઆત પ્રેક્ષકોની અદ્‌ભુત દાદ મેળવી ગયું...

'સ્પિરીટ ઓફ ઈન્ડિયા'નો મસ્ત ડાન્સ પ્રજ્ઞા ગજ્જરે નાના બાળકોને હાથ ત્રિરંગા આપી 'જય હો' ના હીત પર કરાવી એમની કલાનો પરિચય કરાવ્યો. 'હલ્લે હુલ્લે'ના હીત પરનો પંજાબી ડાન્સ જીગર ત્રિવેદીએ મસ્તીથી કરાવ્યો તો મિતિ ભટ્ટે ભારતનાટયમમાં શિવતાંડવ 'ધગત ધગત, લલટા પટ્ટની ચલતીની ટયુન પર તાલ મિલાવી નૃત્ય કરાવ્યું.

બાર દિવસની શિબિરમાં આયોજકોએ માત્ર બાળકોને જ તૈયારના કર્યા, પણ જાતે પણ બાળક બની નૃત્ય શીખી લીધું અને એમણે પણ રામલીલાના ગીત પર મન મોર બની થનગાટ કરે કરી લીધું.. આશા સરવૈયા, વર્ષા પારેખ, મનિષા જૈન, જયશ્રી ખેતીયા, સપનાં જૈન, મિતિ ભટ્ટ, કલ્પનાબેને બધાંએ ખરેખર જ મસ્ત મજાનો થનગનાટ કર્યો. બાળકો સાથે બાળક બની જાણે એ જ બાળકને સમજી જાણે એવું આ ગીતની રજૂઆતથી બધાંએ અનુભવ્યું... પ્રભુમાં તલ્લીન થવાનો માર્ગ એટલે સુફીના ગીતનાં શબ્દો 'તુ ના જાને આસપાસ હૈ ખુદા' પર સફેદ કૂર્તા - પાયજામાનો ડ્રેસ અને વાદળી સાફો અને કોરિયોગ્રાફર પિન્ટુ રાઠોડની મહેનત અને એમાંય છેલ્લે ગોળ ગોળ ઘૂમરી લેતાં જાણે સંપૂર્ણ ભક્તિનો માહોલ છવાયો...

દેશભક્તિ ગીત વૈષ્ણવજન - રઘુપતી રાઘવ રાજારામ અને 'બંદે મા થા વંદે માતરમ્' સાથે પ્રજ્ઞા ગજ્જરની ફ્રી એક સુંદર કૃતિ રજૂ થઇ છેલ્લે સ્કેટીંગ કરતાં કરતાં ત્રિરંગો લઇ નીકળેલાં બાળકોને દેશભક્તિની લહેર દોડાવી...

તુષાર દવેએ તૈયાર કરાવેલી સ્કીટ અને એમાં સ્કૂલનો માહોલ અને પછી વૃદ્ધાશ્રમની મુલાકાત બાદ મા-બાપને વૃદ્ધાશ્રમમાં નહીં મોકલવાની પ્રતિજ્ઞા સાથેનો સરસ મેસેજ આપનારી રહી... આભલા ભરેલી છત્રી લઇ ઓડિયન્સમાંથી બાળકો નીકળ્યાં અને એમણે 'નગાડા સંગ ઢોલ બાજે'ની ફ્રી સ્ટાઇલ ડાન્સ કર્યો... તરણેતરનાં મેળામાં યુવાનો જીવનસાથીની પસંદગી કરે છે અને ત્યાંનો 'હૂડા રાસ' ફેમસ છે સાથે 'મથુરામાં વાગી મોરલી, ગોકુળમાં કેમ રે વાયરો ફૂંકાય, સોનાનાં હિંડોળે દ્વારિકામાં દીવા બળે' સાથે ટ્રેડીશનલ ડાન્સ થયો... સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાશા ગુજરાતની જય જય ગરવી ગુજરાતની સાથે ગ્રાન્ડ ફિનાલે ડાન્સ થયો અને દરેક કૃતિના કલાકોએ વારાફરતી સ્ટેજ પર આવ્યા અન`સાથે કલરવના દરેક કાર્યકર્તાઓ અને રંગારંગ કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઇ ગઇ...

ગાંધીનગરનાં બાળકો માટે રંગમંચલક્ષી વૈવિધ્યતા સભર કૃતિઓ શીખીને એને સ્ટેજ પર પરફોર્મ કરવા અપાતી તક માટે 'કલરવ સંસ્થાને બિરદાવવી જ રહી. કલરવના પ્રમુખ કમલ જૈન પોતે એક ઉમદા વ્યક્તિત્વ ધરાવતાં અને શહેરનાં સામાજિક કાર્યોમાં અત્યંત સક્રિય છે જેમની સીધી દેખરેખ હેઠળ બાળકોને શ્રેષ્ઠ તજજ્ઞો

દ્વારા તાલીમ અપાય છે. વેકેશનનો સદ્‌પયોગ કરી તૈયાર થયેલાં બાળકો એ ગાંધીનગરની ઉજ્જવળ આવતીકાલ છે. આ સમગ્ર કાર્યક્રમમાં દરેક કૃતિ વખતે જે તે કૃતિના બાળકો એ વિશેની રસપ્રદ માહિતી સાથે પરિચય કરાવતાં હતા જે ખુબ જ આકર્ષક જમા પાસુ રહ્યું. કલરવના કિલ્લોલ કરતાં બાળકો આખી શિબિરનું એક જ ભાથું લઇને ગયાં કે મોટાં થવામાં મજા નથી એટલે અમે તો નાનાં જ સારાં!!'

'કલરવ'ના પ્રમુખ કલમ જૈનનું બાળકોની શિબિરમાં થતી વિવિધ પ્રવૃત્તિ થકી થતાં સર્વાંગી વિકાસમાં નિસ્વાર્થ યોગદાન : બાલોત્સવ- ૨૦૧૪માં કથ્થક, સુફી, રાજસ્થાની, પંજાબી, ફ્રિસ્ટાઈલ ડાન્સ સાથે સાંપ્રત બાળ પ્રશ્નોને વાચા આપતાં નાટક થકી બાળકોની કળા સોળે કલાએ ખીલી ઉઠી